હદપારી દરખાસ્તો કરતી વખતે અને
હદપારી હુકમો કરતી વખતે ધ્યાને
લેવાની માર્ગદર્શક સુચનાઓ.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક:વિ-૩/હદપ/scra6968/2021
સચિવાલય ગાંધીનગર
તા.૩૧/૦૮/૨૦૨૧.

**પરિપત્ર:**

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૬૦ મુજબ હદપારી હુકમ સામે રાજ્ય સરકારમાં હુકમની બજવણી તારીખથી ૩૦ દિવસમાં અપીલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે જે મુજબ રાજ્ય સરકારના ગૃહ વિભાગમાં હદપારી હુકમો સામેની અપીલોની સુનાવણી કરવામાં આવે છે.

ગૃહ વિભાગમાં હદપારી હુકમો સામેની અપીલોની સુનાવણી દરમ્યાન સક્ષમ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ હદપારી હુકમ અને હદપારી દરખાસ્તોમાં રહી જતી કેટલીક ક્ષતિઓ ધ્યાને આવેલ છે જેના કારણે હદપારી હુકમો ગૃહ વિભાગ સમક્ષ થયેલી અપીલોમાં તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ટકી શકતા નથી. આથી પોલીસ સ્ટેશન કક્ષાએથી થયેલ હદપારી દરખાસ્તથી લઇને હદપારી હુકમ થયા સુધીની સંપૂર્ણ પ્રક્રિયામાં વિવિધ તબક્કે વિવિધ કચેરીઓના વપરાયેલ શ્રમ અને સમય બંન્ને નિરર્થક નીવડે છે.

આ તમામ બાબતોને લક્ષમાં રાખીને હવે પછી હદપારી અંગેની દરખાસ્તો તૈયાર કરતી વખતે અને હદપારી હુકમો કરતી વખતે સાથે સામેલ માર્ગદર્શક સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે અને તેનો અમલ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બિડાણ:** માર્ગદર્શક સૂચનાઓ.

(નિખિલ ભટ્ટ)
ગુજરાત સરકારના અધિક સચિવ
ગૃહ વિભાગ.

**પ્રતિ:**

- ગુજરાત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.

[P.T.O]

- તમામ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી.
- તમામ પોલીસ અધિક્ષકશ્રી.
- તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી.
- તમામ નાયબ પોલીસ અધિક્ષકશ્રી.
- તમામ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી/ પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી.
- વિભાગની આઇ.ટી.શાખા(સદરહુ પરિપત્રને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ )

## હદપારી દરખાસ્તો કરતી વખતે અને હદપારી હુકમો કરતી વખતે ધ્યાને લેવાની માર્ગદર્શક સુચનાઓ.

**પ્રસ્તાવના:**

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૫૬, ૫૭ મુજબ રાજ્યના શહેરી વિસ્તારોમાં પોલીસ કમિશ્નરશ્રી અને ગ્રામ્ય વિસ્તારોમાં કલેક્ટરશ્રી હદપારી અંગેના હુકમો કરવા માટે સક્ષમ અધિકારી છે. જો કે, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૦(૨) નીચે ઉપરોક્ત સક્ષમ અધિકારીઓ પોતાની સત્તાની સત્તા સોંપણી તેઓના તાબા હેઠળના નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને કરતા હોય છે અને તેઓના દ્વારા હદપારીના આદેશો કરવામાં આવે છે.

અનુભવે હદપારીના હુકમોમાં નીચે મુજબની ત્રુટીઓ જોવા મળતી હોય છે. જેને લઇને હદપારીના હુકમ થયા બાદ તેની સજાનું સંપૂર્ણ અમલીકરણ થઇ શકતું નથી અને એપેલેટ અધિકારી અને નામદાર હાઇકોર્ટ દ્વારા હદપારીના હુકમો રદ કરવાના પ્રસંગો વારંવાર બનતા હોય છે. આથી, આવું ન બને અને પોલીસ સ્ટેશન કક્ષાએથી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સુધી હદપારીના હુકમો કરવામાં વપરાતો શ્રમ અને સમય બંને વેડફાય નહિ અને હદપારીના હુકમોમાં કાયદાકીય રીતે જે મૂળભૂત ભૂલો થતી હોય છે તે નિવારી શકાય તે માટે હદપારીના હુકમો કરતી વખતે નીચેની બાબતો અંગેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

**માર્ગદર્શક સૂચનાઓ:**

**(૧) હદપારીની કાર્યવાહી દરમ્યાન જે-તે હદપારી કેસમાં નોટીસ આપવાની, સુનાવણી કરવાની અને હુકમ કરવાની કાર્યવાહી એક જ સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવે.**

શહેરી વિસ્તારોમાંથી હદપારીના હુકમો સામે અત્રે અપીલ અર્થે જે કેસો આવતા હોય છે તેમા એવું જોવા મળે છે કે, હદપારીના હુકમની નોટિસ અને સુનાવણી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવે છે. જ્યારે હદપારીના હુકમો નાયબ પોલીસ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવે છે. જે સદંતર ખોટી પ્રક્રિયા છે. આ રીતે આદેશો કરવામાં આવતા તે મૂળભૂત રીતે જ રદબાતલ થવાને પાત્ર(Void at Initio) ઠરે છે. આવું ન બને તે માટે જે અધિકારી દ્વારા હદપારીની નોટિસ કાઢવામાં આવે તે જ અધિકારી દ્વારા હદપારીની સુનાવણી થાય અને તે જ અધિકારી દ્વારા હદપારીના આદેશો કરવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવા આથી જણાવવામાં આવે છે. દા.ત. નાયબ પોલીસ કમિશ્નરશ્રીએ

નોટીસ આપેલ હોય તો સુનાવણી અને હુકમો નાયબ પોલીસ કમિશ્નરશ્રીએ જ કરવાના રહે.

નીચે જણાવેલ કેસોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે આવા કેસોને સંબંધિત ચુકાદાઓ આપેલ છે જેનો અભ્યાસ કરવા જણાવવામાં આવે છે:

(૧) R/SCrA NO.9488/2018, Kamlaben @ Kani Manglabhai Mali Versus State Of Gujarat.

(૨) SCrA NO.9418/2018, Irfanbeg Mohammadbeg Mirza Versus State Of Gujarat.

(૩) SCrA NO.3161/2014, Prakashbhai MOhanbhai Solanki Versus State Of Gujarat & 1.

(૪) SCrA NO.8593/2018, Gulam Mustafa Alias Naan Gulam Mohamad Naanwala Versus State Of Gujarat.

**(૨) ગુપ્ત સાહેદોના નિવેદનો લીધેલ હોય તો ગુપ્ત સાહેદોના નિવેદનો અન્વયે બનાવનું સ્થળ, તારીખ, સમય અને બનાવની વિગત કારણદર્શક નોટીસમાં જણાવી બચાવની યોગ્ય તક આપી હુકમમાં પણ તેને આવરી લઇ આખરી હુકમો કરવા.**

સામાન્ય રીતે હદપારીની દરખાસ્ત સાથે પોલીસ સ્ટેશનના અધિકારીઓ ગુપ્ત સાહેદોના નિવેદનો બીડતા હોય છે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૫૬(ક) નીચેના આદેશો મહદઅંશે ગુપ્ત સાહેદોના નિવેદનો ઉપર આધાર રાખીને કરવામાં આવે છે. સમગ્ર હદપારીના આદેશો કરવા માટે આક્ષેપિત વ્યક્તિ વિરુદ્ધ કરવામાં આવેલ ફોજદારી કાર્યવાહી તો અગત્યની છે જ પરંતુ, ગુપ્ત સાહેદોના નિવેદનો વ્યક્તિ કેટલી માથાભારે છે અને તેની ત્રાસજનક પ્રવૃત્તિઓ શી છે કે જેને લઇને સમાજના વ્યક્તિ/વ્યક્તિઓને શારિરીક અને મિલકતને ભય, જોખમ અથવા નુકસાન થવા સંભવ છે, તે સાબિત કરવા માટે ગુપ્ત નિવેદનો ખૂબ જરૂરી છે. પરંતુ, ગુપ્ત સાહેદોના નિવેદનોમાં વ્યક્તિનું નામ, તેનું સાચું, સંપૂર્ણ સરનામું, નિવેદનની તારીખ, બનાવ બન્યાની તારીખ, સમય અને આશરે સ્થાન લખવામાં આવતું નથી. તેને લઇને નામદાર કોર્ટમાં જ્યારે આવા ગુપ્ત નિવેદનો ખાનગી રીતે માન. ન્યાયાધીશને બતાવવાના થાય છે ત્યારે ગુપ્ત નિવેદનો ટકી શકતા નથી. આથી, જ્યારે પણ ગુપ્ત નિવેદનો લેવામાં આવે છે ત્યારે ઉપરોક્ત બાબતો ધ્યાને લેવા વિનંતી છે. હદપારીના હુકમોમાં ગુપ્ત સાહેદોના નિવેદનોનો ઉલ્લેખ કરતી વખતે તે બાબત ખાસ ધ્યાને લેવી જરૂરી છે કે, તેમના નામ અને સરનામા

દર્શાવવામાં ન આવે. જો નામ અને સરનામાનો ઉલ્લેખ કરવામાં આવે તો નિવેદનો ગુપ્ત રહેતા નથી. પરંતુ, એનો અર્થ એ નથી કે, હદપારીના ગુપ્ત સાહેદોના સ્થળ, સમય અને તારીખ લખવામાં ન આવે. આથી, હદપારીના હુકમો કરવામાં આવે ત્યારે જે પણ ગુપ્ત સાહેદોના નિવેદનો લેવામાં આવ્યા હોય ત્યારે બનેલ બનાવની તારીખ, સમય અને આશરે સ્થળ અચૂક દર્શાવીને બનાવની વિગતો કારણદર્શક નોટિસ અને હદપારીના હુકમમાં તેનો અવશ્ય ઉલ્લેખ કરવાનો રહેશે. જેથી અપીલ કરતી વખતે હદપાર થયેલ વ્યક્તિ બચાવની પૂરતી તક મળેલ નથી તેવો બચાવ કરી શકે નહિ. આ તબક્કે તે બાબતે પણ ધ્યાન દોરવું જરૂરી છે કે, ગુપ્ત સાહેદોના નિવેદનો ગુપ્ત જ રહેવા જોઇએ અને વિવાદી, વકીલ કે રસ ધરાવતા વ્યક્તિને કોઇપણ રીતે જણાવવાના રહેશે નહિ.

નીચે જણાવેલ કેસોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે આવા કેસોને સંબંધિત ચુકાદાઓ આપેલ છે જેનો અભ્યાસ કરવા જણાવવામાં આવે છે:

(૧) 2003(2) GLR 1612, 2003 eGLR_HC 10001613, SCRA NO.582 of 2002, Kalubhai Becharbhai Gohil Versus State Of Gujarat & ANR.

(૨) 2002 (1) GCD 784 (Guj), Baraiya Lakabhai Dudhabhai Versus State Of Gujarat & Ors.

(૩) (2000) 2 GLR 1026, Dafer Gafar Suleman versus State Of Gujarat & Ors.

(૪) 2003 (0) GLHEL-HC 204599, SCRA NO.391/2002, Haresh @ Kali Mohandas Vadhwani Versus Sub Divistional Magistrate, Anjar.

**(૩) મુંબઇ નશાબંધી અધિનિયમ–૧૯૪૯ અથવા મુંબઇનો જુગાર રમવાનું મના કરવા બાબત અધિનિયમ–૧૮૮૭ હેઠળના ગુનાઓમાં ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૫૭(ગ) હેઠળ જ કાર્યવાહી કરવી.**

હદપારીના હુકમનો અભ્યાસ કરતા તેવું પણ જણાઇ આવે છે કે, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૫૭(ગ) નીચે જ્યારે આદેશો કરવામાં આવે ત્યારે મુંબઇ નશાબંધી અધિનિયમ–૧૯૪૯ અથવા મુંબઇનો જુગાર રમવાનું મના કરવા બાબત અધિનિયમ–૧૮૮૭ની વિવિધ જોગવાઇ નીચે છેલ્લા ૩ વર્ષની મુદ્દતમાં ૩ વખત હદપાર થયેલ વ્યક્તિ દોષિત ઠરેલ હોય તો જ કલમ–૫૭(ગ) નીચે આદેશો કરવા, તેને બદલે ઉપરોક્ત બે કાયદાઓ નીચે કોર્ટમાં પડતર કેસોનો ઉલ્લેખ કરીને અથવા લોક અદાલત/ કોર્ટમાં જે કેસોમાં નિર્દોષ છૂટેલ હોય તેનો ઉલ્લેખ કરીને આદેશો કરવામાં આવે છે જે અપીલમાં ટકી

શકે નહિ. કોઈ સંજોગોમાં એવું પણ બનવા પામે છે કે, હુકમ કરનાર અધિકારી સામે નોન એપ્લિકેશન ઓફ માઈન્ડ ગણીને કાર્યવાહી કરવા માટે પણ સૂચના આપવામાં આવી શકે છે. આ સંજોગોમાં જ્યારે કલમ–૫૭(ગ) નીચે આદેશો કરવામાં આવે ત્યારે ઉપરોક્ત બાબતનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે. વધૂમાં ઉપરોક્ત બે કાયદાઓ હેઠળ નોંધાયેલ ગુનાઓમાં ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૫૭(ગ) હેઠળ જ હદપારી દરખાસ્ત કરવામાં આવે અને હુકમો કરવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૫૭(ગ) સંબંધિત કેસોમાં આપેલ ચુકાદાઓ નીચે મુજબ છે જેનો ખાસ અભ્યાસ કરવા જણાવવામાં આવે છે:

(૧) 2014 0 Supreme(Guj) 434, SCRA 476 OF 2014, GANGABEN CHANDUBHAI KAHAR VERSUS STATE OF GUJARAT AND ORS.

(૨) R/SCRA 7322 OF 2017, NAYAK MAHESH @ MUNO AMRATLAL VERSUS STATE OF GUJARAT.

(૩) SCRA 4154 OF 2017, KASIM ABDUL GANI SHAIKH VERSUS STATE OF GUJARAT.

**(૪) હદપારી દરખાસ્ત સાથે આવતાં ગુપ્ત સાહેદોના નિવેદનો ચકાસવા અને તેની રોજકામમાં નોંધ કરવી.**

હદપારીની દરખાસ્ત સાથે આવતા ગુપ્ત નિવેદનો હદપારીની સુનાવણી કરનાર અધિકારી દ્વારા ચકાસવામાં આવતા નથી. જેને લઈને આ બાબત રોજકામમાં પણ પ્રદર્શિત થતી નથી કે હુકમમાં પણ પ્રદર્શિત થતી નથી. તેને બદલે હદપારીની સુનાવણી કરનાર અધિકારી એટલે કે, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અથવા નાયબ પાલીસ કમિશ્નરશ્રીએ ગુપ્ત નિવેદનોની અત્યંત ગુપ્ત રીતે ચકાસણી કરવાની રહેશે. જેથી હદપાર થતી વ્યક્તિને આ ચકાસણી અંગે કોઈપણ સંજોગોમાં જાણ ન થાય અને ગુપ્ત નિવેદનોની ગુપ્તતા જળવાઈ રહે. વધુમાં આ રીતે ચકાસણી કર્યા બાદ રોજકામમાં નામ, સરનામું દર્શાવ્યા વગર તેની નોંધ કરવાની રહેશે અને તેનો ઉલ્લેખ હદપારીના હુકમમાં કરવાનો રહેશે.

**(૫) હદપારી દરખાસ્ત કરતી વખતે તેમજ હદપારીની ચાલુ કાર્યવાહી સમયે હદપાર કરવા વિચારાયેલ ઈસમ વિરુદ્ધ નોંધાયેલ ગુનાઓની અદ્યતન વિગતો ઇ–ગુજકોપ એપ્લીકેશન પરથી મેળવી લેવી.**

હદપારીનો હુકમ કરતા પહેલાં હદપારી સામે કેટલા ગુનાઓ પડતર છે અથવા કેટલા ગુનાઓમાં અગાઉ દોષિત ઠરેલ છે તેનો ઉલ્લેખ હદપારીના હુકમોમાં કરવામાં આવતો હોય છે. જેથી હદપારીનો હુકમ કાયદાકીય રીતે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની જે કલમ નીચે આદેશ કરવામાં આવેલ છે તેની યથાર્થતા સિદ્ધ થઇ શકે. ગુજરાત પોલીસ પાસે ઇ-ગુજકોપ એપ્લિકેશન છે, જેમાં છેલ્લા ૧૫ વર્ષના તમામ ગુનાઓના ડેટા રાખવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરવાને બદલે સંબંધિત પોલીસ સ્ટેશનમાં નિભાવવામાં આવતા ખાતિયાન રજિસ્ટરના આધારે હદપારીની દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે. તેને બદલે સંબંધિત પોલીસ સ્ટેશનના ખાતિયાન રજિસ્ટર અને ત્યાર બાદ બીજા તબક્કામાં ઇ-ગુજકોપમાં સંબંધિત હદપાર કરવાપાત્ર થતી વ્યકિત સામે કેટલા ગુનાઓ ક્યારે, ક્યા પોલીસ સ્ટેશનમાં, કઇ કલમો નીચે ક્યારથી પડતર છે અને તેનું સ્ટેટસ શું છે તેની ચકાસણી કરવાની રહેશે. જેથી અરજદાર સામે સમગ્ર રાજ્યમાં થયેલ ગુનાઓનો સંપૂર્ણ ચિતાર હદપારીના હુકમમાં આપી શકાય અને હદપારીનો હુકમ સરકારની તરફેણમાં સબબ બની શકે. પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર/(SHO), વિભાગીય પોલીસ અધિકારી અને પોલીસ અધીક્ષકશ્રીએ પણ આ બાબતે જ્યારે તેઓની પાસે હદપારીની દરખાસ્ત આવે ત્યારે અંગત રીતે તેની ચકાસણી કરવાની રહેશે. શહેરી વિસ્તારમાં પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર/(SHO), મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રીએ આ અંગે અંગત રીતે ચકાસણી કરવાની રહેશે. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પાસે પોલીસ અધિકારી/કર્મચારીએ જ્યારે આ અંગેની સુનાવણી રાખવામાં આવે ત્યારે ઇ-ગુજકોપનું અદ્યતન સ્ટેટમેન્ટ લઇને જવાનું રહેશે.

**(૬) એક વખત હદપારીની કારણદર્શક નોટીસ આપ્યા બાદ હદપારીનો આદેશ થાય તે દરમિયાન નવી કોઇ હકિકત ધ્યાને આવે તો કરવાની થતી કાર્યવાહી.**

હદપારીની દરખાસ્ત રજૂ કર્યા બાદ જો કોઇ વધારાનો ગુનો નોંધાયો હોય, તો હદપારી વ્યક્તિને વધારાની નોટિસ(Additional Show Cause Notice) આપીને તેનો સમાવેશ હદપારીમાં કરી શકાય અને હદપારી વ્યકિતને બચાવની પૂરતી તક મળી શકે અને આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને હદપારીનો હુકમ થઇ શકે. આ ઉપરાંત તેવું પણ બને કે અગાઉ દરખાસ્તમાં પડતર દર્શાવેલ કેસનો નિકાલ થયેલ હોય. આ સંજોગોમાં હુકમની તારીખે જે કેસનો નિકાલ થયો હોય અને આમ છતાં તેને પડતર તરીકે દર્શાવવામાં આવે તો Non Application of Mind ગણી હદપારીનો હુકમ રદ થાય છે.

**(૭) હદપારી દરખાસ્ત મળ્યેથી સત્વરે તેનો નિકાલ કરવો.**

પોલીસ સ્ટેશન દ્વારા હદપારીની દરખાસ્ત કર્યા બાદ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પાસે હદપારીની અરજી આવ્યા બાદ લાંબા સમય સુધી આવી હદપારીની અરજીઓ સુનાવણી કર્યા વગર પડતર રહે છે. સુનાવણી થયા બાદ લાંબા સમય સુધી આદેશો પણ કરવામાં આવતા નથી. જે યોગ્ય નથી. આ અંગે એક સમયમર્યાદા સુનિશ્ચિત કરવી અત્યંત જરૂરી છે. નામદાર હાઇકોર્ટ દ્વારા પણ આ બાબતે ઘણા ચુકાદાઓમાં જણાવેલ છે કે, લાંબા સમય સુધી હદપારીની પ્રક્રિયા પડતર રહેવા પામેલ હોઇ, હદપારીના આદેશો રદ કરેલ છે. હદપારીની કાર્યવાહી લાંબા સમય બાદ કરવામાં આવે તો નામદાર કોર્ટ માન્ય રાખતી નથી કારણ કે હદપારીનો આદેશ વ્યકિત ભયજનક હોય કે અન્ય ગુના આચરે તેવી શકયતા હોય ત્યારે કરવામાં આવતા આદેશો છે. લાંબાગાળા બાદ હદપારીના આદેશો કરવામાં આવે તો હદપારીનો આદેશ જ તે પુરવાર કરે છે કે વ્યકિત ભયજનક નથી કે અન્ય કોઇ ગુના કરેલ નથી. આવા સંજોગોમાં આદેશો રદ કરવામાં આવે છે. આ સંજોગોમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીની કચેરી ખાતે અરજી મળ્યા બાદ મહત્તમ ૯૦ દિવસમાં તેનો નિકાલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**(૮) ગુનો નોંધાયા બાદ તુરંત હદપારીની દરખાસ્ત કરવી અને જો દરખાસ્ત કરવામાં વિલંબ થયેલ હોય તો વિલંબના કારણો જણાવવા.**

વધુમાં હદપારીના કેટલાક કિસ્સાઓમાં તેવું જોવા મળેલ છે કે, હદપાર થતી વ્યકિત સામે FIR એક વર્ષ પહેલાં નોંધવામાં આવી હોય અને હદપારીની દરખાસ્ત છ મહિને કે એક વર્ષ જેટલા સમય બાદ કરવામાં આવતી હોય. આમ, હદપાર થતી વ્યકિત સામે ગુનો નોંધાયા બાદ તરત જ કાર્યવાહી કરવામાં ન આવતા વિલંબના કારણોસર હદપારીનો હુકમ રદ થવાને પાત્ર બને છે. આ સંજોગોમાં જ્યારે હદપારીની દરખાસ્ત કરવામાં આવે ત્યારે FIR નોંધાયા બાદ હદપારીની દરખાસ્ત કરવામાં શા માટે વિલંબ થયેલ છે? તેના સબળ કારણો દરખાસ્તમાં દર્શાવવાના રહેશે અન સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી અથવા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અથવા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પાસે આ હદપારીની દરખાસ્તની સુનાવણી હાથ ધરવામાં આવે ત્યારે આ અંગે જરૂરી ચકાસણી તેઓએ હાથ ધરવાની રહેશે અને તેનો રોજકામમાં ઉલ્લેખ કરવાનો રહેશે. વધુમાં આ વિલંબના કારણો હદપારીના હુકમમાં પણ જણાવવાના રહેશે. જેથી હદપારીના હુકમમાં વિલંબનું કારણ દર્શાવી વિવાદી બચાવ ઊભો કરી શકે નહિ.

નીચે જણાવેલ કેસોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે હદપારી હુકમ કરવામાં થયેલ વિલંબ સંબંધિત ચુકાદાઓ આપેલ છે જેનો અભ્યાસ કરવા જણાવવામાં આવે છે:

(૧) R/CR.MA/28515/2016, Kiritbbhai Bachubhai Solanki Versus State Of Gujarat.

(૨) SCrA NO.905/2014, Kamlesh Premkumar Jayswal Versus State Of Gujarat & 2.

(૩) 2014 0 Supreme (guj) 569, SCrA NO.1026 to 1029/2014, Ramesh Gulab Rajnat Versus State Of Gujarat.

(૪) R/SCRA NO. 4818/2017, Babarkhan Habibkhan Pathan Versus State Of Gujarat.

(૫) SrCA NO. 2474/2014, Nashirkhan Yusufkhan Pathan Versus State Of Gujarat.

(૬) 2006 (1) G.L.H 513, SCRA NO.1451/ 2005, Dalaji Bharatbhai Vihol Versus Deputy Commissioner Of Police Ahmedabad.

**(૯) હદપારીની નોટીસ આપ્યા બાદ નિયત કરેલ સુનાવણીમાં સરકારી પક્ષે બચાવ રજુ કરવા હાજર રહેવું.**

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા હદપારીની નોટિસ કર્યા બાદ જે તારીખોએ સુનાવણી રાખવામાં આવે છે તે તારીખે બચાવ પક્ષે કોઇ પોલીસ કર્મચારી/અધિકારી હાજર રહેતા નથી. જેને લઇને હદપારીની સુનાવણી લંબાતી હોય છે અને/અથવા સરકાર પક્ષે ધારદાર રજૂઆત ન થવાને કારણે હદપારીનો હુકમ કાયદાકીય રીતે નબળો થાય છે. જે રાજ્ય સરકારના હિતમાં નથી. આ સંજોગોમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરીની એ જવાબદારી રહેશે કે, જ્યારે પણ સુનાવણી રાખવામાં આવે ત્યારે તેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનને અગાઉથી લેખિતમાં કરવામાં આવે અને આ સુનાવણીમાં પોલીસ અધિકારી/જાણકાર કર્મચારી હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારી/જાણકાર કર્મચારીએ સુનાવણીમાં હાજર રહી સરકાર પક્ષે જરૂરી પુરાવાઓ રજૂ કરવાના રહેશે.

**(૧૦) હદપારી કરવા માટેના સબળ કારણો હોય તો જ હદપારી હુકમો કરવાં.**

હદપારી એ શિક્ષાનો વિકલ્પ નથી. હદપારીનો હુકમ તે સંજોગોમાં કરવાનો રહે છે કે જયારે તેવી મજબુત શકયતા હોય કે વ્યકિત આવા ગુનાઓ નજીકના ભવિષ્યમાં કરશે.

**(૧૧) હદપારી કાર્યવાહી દરમ્યાન હદપારી થનારને બચાવની પુરતી તકો આપવી.**

કેટલાક કિસ્સાઓમાં તેવું પણ ધ્યાનમાં આવે છે કે અરજદારને હદપારીનો હુકમ કરતા પહેલા કારણદર્શક નોટીસ આપ્યા પછી સાંભળવાની એક જ તક આપવામાં આવે છે અને તે મુદતે અરજદાર હાજર ન રહે અથવા તેના એડવોકેટ હાજર ન રહે તો તુરત જ હદપારી હુકમ કરી દેવામાં આવે છે જે કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે. પ્રથમ મુદ્દતમાં અરજદાર કે તેમના તરફથી કોઇ હાજર ન રહે તો બચાવ રજુ કરવા બીજી તક આપવી અને આમ છતાં અરજદાર/એડવોકેટ હાજર ન રહે તો વધુ એક છેલ્લી નોટીસ આપી તેમાં એકતરફી નિર્ણય લેવામાં આવશે તે મુજબની સ્પષ્ટ સુચના આપવી અને ત્યારબાદ જ હદપારીના આદેશો કરવા. આ મુજબ કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો જેવી કે મુદ્દતો અને કાર્યવાહીની વિગતવાર નોંધ હદપારી હુકમના પ્રથમ પેરામાં જણાવવાની રહેશે.

**(૧૨) એક જ ગુન્હાના બનાવ માટે એક કરતાં વધારે ગુનાઓ નોંધાયેલ હોય તો પણ તેને એક જ ગુન્હાના બનાવ તરીકે ધ્યાને લેવી.**

એક જ ગુન્હાના બનાવ માટે અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં અલગ અલગ ફરિયાદો નોંધવામાં આવે તો આવી ફરીયાદો અલગ અલગ ગણાતી નથી પરંતુ કેટલીક વખત આવી ફરીયાદો અલગ અલગ ગણી કરવામાં આવતાં હુકમો નામદાર કોર્ટમાં ટકી શકતા નથી. આવા સંજોગોમાં એક જ ગુન્હાના બનાવ માટે અલગ અલગ ગુનાઓ નોંધાયેલ હોય તો પણ તેને એક જ ગુનાહિત બનાવ ગણવો જોઇએ.

**(૧૩) કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી હદપારી કરવાના હુકમો કરવા નહીં.**

કેન્દ્રશાસિત પ્રદેશો કે જે ગુજરાતને અડીને આવેલ છે, જેમ કે દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાંથી પણ હદપારી કરવાના આદેશો કરવામાં આવે છે, જે યોગ્ય નથી. કારણ કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની સરહદ ગુજરાત રાજ્ય પુરતી છે. હદપારીની કાર્યવાહી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના અધિનિયમ ૫૫ થી ૬૨ નીચે કરવામાં આવે છે. આમ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ લાગુ પડતો ન હોઇ હદપારીના હુકમમાં કેન્દ્ર ગુજરાત રાજયની સરહદ ત્યાં પહોચતી ન હોય ત્યાં કેન્દ્રશાસિત પ્રદેશનો સમાવેશ કરી શકાય નહી. નામદાર કોર્ટ દ્વારા આ બાબત ખુબ ગંભીરતાથી લેવામાં આવે છે અને Non Application of Mind ગણીને આવા આદેશો રદ કરવામાં આવે છે

**(૧૪) જામીન મુકત થયેલ હોય અથવા કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયા બાદ તુર્ત જ હદપારી દરખાસ્તો સક્ષમ સત્તાધિકારીને મળી જાય તેવી કાર્યવાહી હાથ ધરવી.**

ઘણા કિસ્સાઓમાં એવું પણ જોવા મળે છે કે ગુનામાં જામીન મળી ગયા બાદ લાંબા સમય બાદ હદપારીના આદેશો કરવામાં આવતા નથી અથવા જે કિસ્સામાં આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ થઇ ગયા પછી લાંબા ગાળા બાદ હદપારીના હુકમો કરવામાં આવતા હોય છે. નામદાર કોર્ટમાં આવા કેસો વિલંબના કારણોસર ટકી શકતાં નથી. આથી, જામીન મળ્યાના ૭ દિવસમાં અથવા ચાર્જશીટ થયાના ૭ દિવસમાં હદપારીની દરખાસ્ત ગ્રામ્ય વિસ્તારમાં સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટને અને શહેરી વિસ્તારમાં સંબંધિત નાયબ પોલીસ કમીશ્નર/મદદનીશ પોલીસ કમિશ્નરને પહોચી જાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે.

**(૧૫) કારણદર્શક નોટીસમાં જે વિસ્તારમાંથી હદપારી કરવા જણાવેલ હોય તે વિસ્તાર સિવાયના વધારાના વિસ્તારમાંથી હદપારી કરવાના આદેશો કરવા નહીં.**

કેટલાક કિસ્સાઓમાં એવું પણ જોવામાં આવ્યું છે કે, કારણદર્શક નોટીસ સુરત શહેરમાંથી હદપારી કરવા માટે આપવામાં આવી હોય અને હદપારીનો આદેશ સમગ્ર સુરત જિલ્લામાંથી કરવામાં આવે છે જે કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે. આથી કારણદર્શક નોટીસ જે વિસ્તારમાંથી હદપારી કરવા માટે આપવામાં આવી હોય તે વિસ્તાર પુરતો જ હદપારી કરવાનો હુકમ કરવાનો રહેશે. આવા આદેશો કરતાં પહેલા જો આરોપીને નામદાર કોર્ટ દ્વારા આપવામાં આવેલ જામીનના હુકમમાં અમુક વિસ્તારમાં પ્રવેશવાનો પ્રતિબંધ ફરમાવેલ હોય તો તે વિસ્તારોનો અચુક સમાવેશ કરવો અન્યથા હદપારીના હુકમ અને જામીનના હુકમનો સ્વયં વિરોધાભાસ થશે.